# વડોદરા વિદ્યાર્થી સંઘની ચૂંટણી માટે અંકિત બારોટને પ્રભારી બનાવાયા

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત રાજ્યની પ્રતિષ્ઠિત યુનિવર્સિટી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા ખાતે આવેલી છે જેમાં ૭૦૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ગુજરાત રાજ્યની એકમાત્ર યુનિવર્સિટી છે જ્યાં દરેક વિદ્યાર્થી મતદાનનો ઉપયોગ કરી વિદ્યાર્થી સંઘ હોદ્દેદારોને ચૂંટે છે. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની યુનિવર્સિટી જનરલ સેક્રેટરી, વાઈસ પ્રેસીડેન્ટ અને ફેકલ્ટી જી.એસ.ના પદ માટે તા. ૩૧-૮-૨૦૧૬ના રોજ ચૂંટણી યોજવા જઈ રહી છે.



આ ચૂંટણીની તૈયારીના ભાગરૂપે ઓલ ઈન્ડીયા એનએસયુઆઈ દ્વારા ગુજરાત પ્રદેશ એનએસયુઆઈના મહામંત્રી અને ગાંધીનગર મહાનગરપાલિકાના યુવા કોર્પોરેટર અંકિત બારોટની ચૂંટણી પ્રભારી તરીકે ખાસ નિમણુંક થઈ છે. આ સમગ્ર ચૂંટણીમાં ઉમેદવારની પસંદગી, એનએસયુઆઈની રણનીતિ, તેમજ ચૂંટણી જીતવા માટે તમામ કામગીરી અંકિત બારોટને સોંપવામાં આવી છે.

આ ચૂંટણીને ધ્યાનમાં લઈ ઓલ ઈન્ડીયા એનએસયુઆઈના ઈન્ચાર્જ અને ઓલ ઈન્ડીયા કોંગ્રેસ સમિતિના મંત્રી ગીરીશ ચાંદવેકર ચૂંટણીલક્ષી ચર્ચા માટે અંકિત બારોટને દિલ્હી ખાતે બોલાવ્યા છે. બુધવારે અંકિત બારોટ દિલ્હી જઈ આ વિષયે ચર્ચા કરી શુક્રવારે વડોદરા ખાતે એનએસયુઆઈના હોદ્દેદારોને મળશે.

ગાંધીનગરના વિદ્યાર્થી આગેવાન અંકિત બારોટની નિમણુંકને પગલે સમગ્ર જિલ્લાના વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે. તમામ કોંગ્રેસના આગેવાનો અને નેતાઓ દ્વારા અંકિત બારોટને અભિનંદન આપવામાં આવ્યા છે.

# ગાંધીનગર જિલ્લામાં ૫૭ મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ કાર્યરત

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં ૫૭ જેટલી મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ કાર્યરત છે. જેમાં ગાંધીનગર તાલુકામાં સૌથી વધુ ૩૨, કલોલ તાલુકામાં ૯, દહેગામ અને માણસા તાલુકામાં ૮-૮ મળી કુલ ૫૭ મહિલા દૂધ ઉત્પાદક મંડળીઓ કાર્યરત છે.



પેથાપુરની મહિલાઓએ મિલ્ક મેનેજમેન્ટનું સફળ સંચાલન કર્યું છે. ગાંધીનગર તાલુકાની પેથાપુર દૂધ ઉત્પાદક મંડળીનો કારોબાર માત્ર મહિલાઓ જ સંભાળે છે. ૮૦૦ જેટલી ગ્રાહક સંખ્યા ધરાવતી આ મંડળીનું વાર્ષિક ટન ઓવર રૂ. ૩.૪૪ કરોડ જેટલું થાય છે. પેથાપુર મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી દ્વારા દર માસે ૮૦૦ જેટલા મહિલા સભાસદોને દર ૧૦ દિવસે રૂ. ૯ થી ૧૦ લાખની દૂધ પેટે ચૂકવણી કરવામાં આવે છે. શિયાળામાં દૂધનું ઉત્પાદન વધતા ૧૦ દિવસે સભાસદોને રૂ. ૧૫ લાખની રકમની ચુકવણી કરવામાં આવે છે. આમ માસ દરમ્યાન સરેરાશ રૂ. ૩૦ થી ૪૫ લાખની મહિલા સભાસદોને દૂધ પેટે ચુકવવામાં આવે છે. ગત વર્ષ ૨૦૧૫-૧૬માં દૂધ ભરાવતા ગ્રાહકોને ભાવ વધારો રૂ. ૨૩.૧૦ લાખની જોગવાઈ કરી હતી. ગાંધીનગર સંઘ તરફથી રૂ. ૧૪.૯૩ લાખનો ભાવ વધારો પણ મહિલા સભાસદોને મળેલ છે. પેથાપુર મંડળીના પ્રમુખ ગીતાબેન અમરતભાઈ પટેલે જણાવ્યું હતું કે પેથાપુર મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળની સ્થાપના તા. ૨૧-



૧૨-૧૯૯૧ના રોજ કરવામાં આવી હતી. નાના પાયા અને ઓછી મહિલાઓના સભ્યોથી આરંભ થયેલ અમારી મંડળી આજે સમગ્ર જિલ્લાની મહિલાઓ માટે દૃષ્ટાંત રૂપ બની રહી છે. અમારી મંડળીની ઝડપભેર પ્રગતિમાં રાજ્ય સરકારનો પણ ખુબ જ મોટો સહયોગ અમને સાંપડ્યો છે.

મહિલા દૂધ ઉત્પાદક મંડળીના ચેરમેનપદ સંભાળનાર ગીતાબેન પટેલ પણ પાંચ ભેંસો રાખે છે. જેથી દૂધ ઉત્પાદન કરતી મહિલાઓને પશુપાલનમાં શું શું તકલીફ પડે છે, તેને તે સારી રીતે

● અનુસંધાન પાના ૭ પર

## ખૂણે ખાંચરેથી...

● જિલ્લાના આયુર્વેદ તબીબી અધિકારીઓ હવે એક માસમાં ૧૮ શાળાની મુલાકાત લેશે.

● આજે જિલ્લાના તમામ આરોગ્ય કેન્દ્રના અધિકારીઓના એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યુ છે.

● આજે ૭-૮ના બસ સ્ટેન્ડ નજીક રસ્તાની વચ્ચે એક પશુ આવી જતાં અકસ્માત સર્જાયો હતો અને પશુનુ મોત થયુ હતુ.

● ગાંધીનગર જિલ્લાના સેવા ભેખધારી કોંગ્રેસી નેતા કાસમભાઈ બાપુના યોજાયેલ બેસણામાં રાજ્ય અને જિલ્લાના નેતાઓ ઉમટ્યા હતા.

● આજે ગ્રામ સંવાદ લોકસેતુ કાર્યક્રમને લઈ અધિકારીઓ ગ્રામ્ય વિસ્તારને ખૂંદશે.

● રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાનમાં વિવિધ જગ્યાઓ પરની નિમણુંક માટે યોજાયેલા ઈન્ટરવ્યુમાં ઈન્કમટેક્ષ રિટર્નની નકલ તેમજ અનુભવના પ્રમાણપત્ર ઉપરાંત હાજરી પત્રકની ઝેરોક્ષ નકલો માંગતા ઉમેદવારો ચોંકી ઉઠ્યા હતા.

● સે. ૭માં ચૌધરી કન્યા વિદ્યાલય નજીક પાણીની પાઈપલાઈનમાં લિકેજ થયાની વાતો આજે સાંભળવા મળી હતી.

● જિલ્લા કલેક્ટર સતીષ પટેલ પાંચ દિવસની રજા પર ગયા છે. તેમના હોદ્દાનો ચાર્જ અધિક નિવાસી કલેક્ટર કાલરિયાને સોંપવામાં આવ્યો છે.

● ગાંધીનગર મહાનગર પાલિકામાં શાળા પ્રવેશોત્સવ દરમિયાન બાળકોને અપાયેલ દફતરની ખરીદીમાં તપાસના હુકમો મેયર શ્રી પ્રવિણ પટેલે કર્યાની વાત બહાર આવવા પામી છે.

# આપણું ફાઉન્ડેશનના યુવાનોએ આદિવાડા ગામે વસતી નિયંત્રણ જાગૃતિ કાર્યક્રમ યોજ્યો

## મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે આયોજિત કાર્યક્રમમાં ગ્રામજનોને કુટુંબ નિયોજન અપનાવવા જાગૃત કરાયા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરના આપણુ ફાઉન્ડેશન તથા મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગના સંયુક્ત ઉપક્રમે



વિશ્વ વસ્તી દિવસ નિમિત્તે જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમ અંતર્ગત રાત્રિએ આદિવાડા ગામની પ્રાથમિક શાળામાં ગ્રામજનોને વસ્તી વધારાના કારણે ઉભી થતી સમસ્યાઓ અંગે જાગૃત કરી કુટુંબ નિયોજન અપનાવવા માહિતગાર કરતો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના જાહેર આરોગ્ય અધિકારી ડૉ. ડી.એન. બારોટે ઉપસ્થિત રહી ગ્રામજનોને વસ્તી વધારાના ગેરફાયદા સમજાવ્યા હતા. આ સાથે તેમણે ગ્રામજનોને કુટુંબ નિયોજનની પદ્ધતિઓ અંગે જાણકારી આપી તે અપનાવવા પ્રેરિત કર્યા હતા. આ પ્રસંગે આપણું ફાઉન્ડેશનના યુવાનોએ ગ્રામજનોને એક વિડીયો દર્શાવી જાગૃત કરવા પ્રયાસ કર્યો હતો. તેમણે એક આદર્શ કુટુંબમાં કેટલા બાળકો હોવા જોઈએ, વધુ બાલકો પેદા કરવાથી મહિલાઓને શું તકલીફો ભોગવવી પડે છે તેવી બાબતો અંગે જાણકારી આપી હતી. આ ઉપરાંત આપણું ફાઉન્ડેશનના યુવાનોએ અંતમાં કાર્યક્રમમાં ઉપસ્થિત બાળકોને વિવિધ રમતો રમાડી તથા ગરબા-ડીજે ડાન્સ વગેરે દ્વારા મનોરંજન પુરૂ પાડ્યું હતું. આ કાર્યક્રમમાં આદિવાડા ગામના આશરે ૧૨૦થી વધુ ગ્રામજનો તથા ૫૦થી વધુ બાળકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ગ્રામજનોને વિવિધ સરકારી યોજનાઓ અને કુટુંબ નિયોજન-નસબંધી વગેરે અપનાવવાથી મળતા સરકારી લાભો અંગે પણ વાકેફ કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે મનપાના આરોગ્ય વિભાગ તથા આપણુ ફાઉન્ડેશન દ્વારા આ પ્રકારના કાર્યક્રમો અન્યત્ર જેમ કે ઘ-૬, સેક્ટર-૧૬, ધોળાકુવા વગેરે સ્થળોએ પણ આગામી દિવસોમાં યોજવામાં આવનાર છે.

# પથિકાશ્રમ સર્કલ પાસે ધિક્કાર રેલીના પોસ્ટર ફાડતા હોબાળો

ગાંધીનગર, તા.૧૮

ઉનામાં બનેલી દલિતો પરની અત્યાચારની ઘટના મામલે ગાંધીનગર દલિત આગેવાનોએ ગાંધીનગરમાં ધિક્કાર રેલીનું આયોજન કર્યું છે જે માટે શહેર પથિકાશ્રમ સર્કલ પાસે હોર્ડિંગ લગાવવામાં આવ્યું હતું. જેને કોઈ અજાણ્યા યુવકે ફાડી નાખતા થોડી જ વારમાં હોબાળો મચી જવા પામ્યો હતો અને શહેરના દલીત સમાજના સમુહે યુવાનને મેથીપાક ચખાડયો હતો અને આ યુવાનના આ કૃત્ય બદલ રોષે ભરાયેલા દલિત સમાજના બંધુએ પોસ્ટર પાડનાર યુવાનને પોલીસ હવાલે કર્યો હતો. થોડી જ વારમાં ઘ-૩ પથિકાશ્રમ સર્કલ પાસે ભારે હોબાળો મચી જવા પામ્યો હતો.

# પાલજના યુવાને ફિનાઈલ ગટગટાવતા હાલત ગંભીર

ગાંધીનગર, તા.૧૮

શહેરમાં સ્થિત બેંક ઓફ બરોડાના હાઉસકીપીંગના સુપરવાઈઝરે અગમ્ય કારણોસર ફિનાઈલ ગટગટાવી લેતા બેભાન હાલતમાં યુવાન ગાંધીનગર સિવિલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. બેંક ઓફ બરોડાના હાઉસકીપીંગનો સુપરવાઈઝર પાલજ ગામનો હતો અને કયા કારણસર આ પગલું ભર્યું તેની કોઈ માહિતી મળી નથી. પરંતુ યુવાનની હાલત ગંભીર જણાતા સિવિલ હોસ્પિટલમાં તેને સારવાર આપવામાં આવી રહી છે.

# જુના સેક્ટરોમાં પાણી ઓછા ફોર્સથી મળતા નાગરીકો હેરાન

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના જુના સેક્ટરોમાં છેલ્લા ૩ દિવસથી ઓછા ફોર્સથી પાણી મળતું હોવાની નાગરીકોની બુમ ઉઠવા પામી છે.વરસાદી સિઝનમાં ઠેરઠેર ઘર આંગણે પાણી ભરાયા છે. તેવા સમયમાં પાણી નહી મળતુ હોવાની ફરીયાદ ઉઠવા પામી છે. પાણીના ઓછા ફોર્સને કારણે નાગરીકો જરુરીયાત મુજબ સંગ્રહ નહી કરી શકતા હોવાથી પાણીની અન્ય વ્યવસ્થા કરવાની ફરજ ઉભી થવા પામી છે. જયારે પાણીની સમસ્યાને કારણે નાગરીકોને સવારની ક્રિયાઓમાં પણ ભારે પરેશાની વેઠવાનો વારો આવ્યો છે.

ગાંધીનગર શહેરમાં ઉનાળામાં પાણીનો વપરાશ વધતા પાણીની બુમ ઉઠવા પામે છે. સામાન્ય દિવસોમાં શહેરમાં ક્યાય પણ પાણીના પોંકાર ઉઠવા પામ્યા નથી. વરસાદી સિઝનના પ્રારંભે જ ગાંધીનગરના છેવાડાના જુના સેકટરોમાં પાણીની ફરિયાદો ઉઠવા પામી છે. ત્યારે છેલ્લા ૩ દિવસથી જુના સેકટર-૧૯, ૨૧,૨૨, ૨૩, ૨૪,૨૫, ૨૬ અને ૨૭ માં રહેણાંક વિસ્તારમાં પાણી ઓછા ફોર્સથી મળી રહ્યું છે. વરસાદી સિઝન અને પાણી નહી આવતા નાગરીકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ઘર વપરાશના પાણીમાં તેમજ સવારની ક્રિયાઓમાં પણ નાગરીકોને પાણી વિના ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. જયારે સેકટરવાસીઓને પાણીના ટેન્કર મંગાવવાની ફરજ પડી છે. પાણી નહી આવતા નાગરીકો પોતાના અન્ય સેકટરોમાં રહેતા સ્વજનને ત્યાં જતા રહ્યા હોવાના કિસ્સા પણ સામે આવ્યા છે. નાગરીકોને પાણી વધુ ફોર્સથી મળે તેની રાહ જોઈ રહ્યા છે. વરસાદી સિઝનમાં પાણીનો કકળાટ કયારે દુર થશે તે કોઈ કહી શકતુ નથી. જયારે આગામી ટુંક સમયમાં પાણી ફોર્સથી મળી રહે તેવી માંગ નાગરીકો કરી રહ્યા છે.

# શહેરમાં માર્ગ વચ્ચે અડીંગા જમાવતા ઢોરથી વાહનચાલકો પરેશાન

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરમાં વરસાદી સિઝનમાં માર્ગ વચાળે ઢોર અડીંગા જમાવીને બેસી જતા વાહનચાલકો પરેશાન થઈ ગયા છે. આ ઢોર ગમે ત્યારે માર્ગની વચ્ચે્ અચાનક આવી જતા વાહનો સાથે અથડાઈ જવાના બનાવ બને છે. જયારે માર્ગ વચ્ચે નડતરરુપ બેસતા ટ્રાફિક અડચણ તેમજ જીવલેણ અકસ્માતના કિસ્સા પણ સામે આવ્યા છે. તંત્ર દ્વારા રખડતા ઢોરને પકડી યોગ્ય કાર્યવાહી કરવા નાગરીકો પોંકાર પાડી રહ્યા છે.

ગાંધીનગર શહેરના રાજમાર્ગો પર અત્યારે હાલ રખડતા ઢોરે કબ્જો કરી લીધો હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. માર્ગ વચાળે તેમજ ડીવાઈડર પર બેસી રહેલા ગાય,ભેંસ અને આખલા અચાનક રસ્તા વચ્ચે આવી જતા અકસ્માતના કિસ્સા વધવા પામ્યા છે. જેને પગલે નિર્દોષ વાહન ચાલકોને ઈજા પહોંચે છે. રખડતા ઢોરનો ભોગ નિર્દોષ નાગરીકો બની રહ્યા છે. શહેરમાં ઢોરને પગલે ચોમાસાની સિઝનમાં ગંદકી પણ પારાવાર માર્ગો પર જોવા મળે છે. વાહનચાલકો દ્વારા હોર્ન વગાડવા છતા ઢોર ઉભા નહી થતા વાહનચાલકોને હેરાની ભોગવવી પડે છે. ચોમાસામાં ઠેરઠેર ગંદકી

● અનુસંધાન પાના ૭ પર

# ગુરૂવારે શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક યોજાશે

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા આગામી તા. ૨૧ જુલાઈને ગુરુવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે સેકટર-૨૨ સ્વસ્તિક કોમ્પ્લેક્ષના બીજા માળે કાર્યવાહક સમિતિની બેઠક યોજાશે. આ બેઠકમાં તા. ૨૪ જુલાઈના રોજ યોજાનાર વિદ્યાર્થી સન્માન સમારંભના કાર્યક્રમનું માઈક્રોપ્લાનીંગ તથા કામગીરીની સોંપણી કરવામાં આવશે. જેમાં કાર્યવાહક સમિતિના સભ્યો તથા પદાધિકારીઓને ફરજીયાત પણે ઉપસ્થિત રહેવા સમાજના પ્રવર મંત્રી રમણલાલ શ્રીમાળીએ અનુરોધ કર્યો છે.

# સેકટરના શોંપીગ સેન્ટરમાં શૌચાલય બનાવવા નાગરીકોની ઉગ્ર માંગ

## ઘણા વર્ષોથી તંત્ર સમક્ષ સમસ્યાની રજુઆત છતા પરિણામ શુન્ય

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના સેકટરમાં શોંપીગ સેન્ટરમાં શૌચાલયનો અભાવ જોવા મળી રહ્યો છે. શોંપીગ સેન્ટમાં ખરીદી માટે આવતા નાગરીકો તેમજ વેપારીઓને શૌચક્રિયા માટે છેક દુર સુધી લાબા થવુ પડે છે. નગરજનો માટે તંત્ર દ્વારા નગરના મુખ્ય સર્કલો પાસે પે એન્ડ યુઝ શૌચાલયો તૈયાર કરવામાં આવ્યા છે. પરંતુ સેકટરના શોંપીગ સેન્ટર નજીક શૌચાલય બનાવવાની નાગરીકો અને વેપારીઓની વર્ષો જુની રજુઆત વિસરાઈ જવા પામી છે. તંત્ર સમક્ષ અનેકવાર લેખિત તેમજ મૌખીક રજુઆત છતા યોગ્ય પરિણામ ના આવતા નાગરીકોમાં નિરાશા જોવા મળી રહી છે.

ગુજરાતના પાટનગરના નિર્માણ સમયે સેકટરમાં વસતા નાગરીકને કોઈપણ જાતની તકલીફ ના પડે તે માટે તંત્ર દ્વારા ખાસ તકેદારી રાખવામાં આવી હતી. જેમાં બાળકો માટે શાળા, ગાર્ડન, દવાખાનું, રંગમંચ સહિત શોંપીગ સેન્ટર તૈયાર કરવામાં આવ્યા છે. નગરના દરેક સેકટરમાં અંદાજીત ૧૫ થી વધુ દુકાનો આવેલી છે જેમાં વેપારીઓ વિવિધ ચીજવસ્તુનો વેપાર કરતા નજરે પડે છે. સેકટરના આ માળખામાં શૌચાલયની વાત વિસરાઈ જવા પામી છે. તંત્ર દ્વારા આ પ્રશ્ને કયાંક ચુક થવા પામી છે અથવા તંત્રને શોંપીગ સેન્ટરમાં શૌચાલય બનાવવામાં રસ નથી. શોંપીગ સેન્ટરમાં આવતા દરેક નાગરીક તેમજ વેપારીઓને શૌચાલય ના હોવાથી ભારે તકલીફનો સામનો કરવો પડે છે. વેપારીઓને શૌચક્રિયા માટે દુરદુર સુધી લાંબા થવુ પડે છે. જયારે તંત્ર દ્વારા સેકટરોમાં વર્ષો જુની રજુઆત છતા શૌચાલય બનાવાયા નથી તેમજ જે જુના શૌચાલયો છે તે ખંડેર હાલતમાં છે. જયારે નવા શહેરના મુખ્ય સર્કલો ઘ-૦, ૨, ૩, ૫, ૬, અને સેકટર-૨૧, ૨૪, ૭ સહિતના બજારોમાં છે. જેનો મહતમ ઉપયોગ નાગરીકો દ્વારા કરવામાં આવે છે. ત્યારે સેકટરના શોંપીગ સેન્ટરમાં શૌચાલય ના હોવાથી પારાવાર ગંદકીનો સામનો પણ વેપારીઓને કરવો પડે છે. ત્યારે સ્વચ્છતા અભિયાન હેઠળ તંત્ર દ્વારા શૌચાલય બનાવાય તેવું નાગરીકો અને વેપારીઓ ઈચ્છી રહ્યા છે.

# ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ દ્વારા આજે ગુરૂવંદના કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ તેમજ ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિના સંયુક્ત ઉપક્રમે આવતીકાલ તા. ૧૯મી જુલાઈના રોજ ગુરૂપૂર્ણિમાના પાવન દિવસે 'ગુરૂ વંદના' કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જે અન્વયે સવારે ૧૦.૦૦ કલાકે પંચદેવ મહાદેવ મંદિર, સેક્ટર-૨૨ ખાતે મહંતશ્રીની પૂજા અર્ચના કરી ગુરૂવંદના કરવામાં આવશે.

આ બાબતે વધુ માહિતી આપતા જિલ્લા પ્રમુખશ્રીએ જણાવ્યું છે કે દહેગામ, કલોલ, માણસા અને પેથાપુર ખાતે પણ શહેર-તાલુકા કોંગ્રેસ સમિતિઓ દ્વારા ગુરૂ વંદના અને ગુરૂ પૂજનના કાર્યક્રમો યોજાશે. ગાંધીનગર તાલુકા કોંગ્રેસ સમિતિ સવારે ૧૧.૦૦ કલાકે ધોળેશ્વર મહાદેવ, મંદિર, ધોળાકૂવા ખાતે ગુરુ પૂજન કરીને ગુરુજનોના આશીર્વાદ મેળવશે. તો ગાંધીનગર જિલ્લા તેમજ શહેર કોંગ્રેસ સમિતિના તમામ હોદ્દેદારો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, આગેવાનો-કાર્યકરોને હાજર રહેવા ગાંધીનગર જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભી તેમજ શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશિક શાહે જણાવ્યું છે.

# સે-૨૩ અરવિંદ કેન્દ્ર ખાતે શાસ્ત્રીય સંગીતનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૮

સેકટર-૨૩ સ્થિત અરવિંદ કેન્દ્ર ખાતે તા. ૧૯ જુલાઈને મંગળવારના રોજ સાંજે ૬.૩૦ થી ૮.૦૦ કલાક દરમિયાન શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું છે. ગુરૂપૂર્ણિમાના શુભ અવસરે અરવિંદ કેન્દ્રના વિદ્યાર્થીઓ દ્વારા શાસ્ત્રીય સંગીતનો કાર્યક્રમ યોજાશે. જેમાં પ્રારંભિકથી વિશારદ સુધીના વિદ્યાર્થીઓ તેમના અભ્યાસક્રમ મુજબના રાગની બંદિશ પ્રસ્તુત કરશે. આ પ્રસંગે કેન્દ્રના સંગીતવર્ગોના સર્વે વિદ્યાર્થીઓને તથા રસિક શ્રોતાજનોને હાજર રહેવા જણાવાયું છે.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના તપોવન પરિવાર સંમેલનમાં ૬૦ દંપતિઓએ ભાગ લીધો

ગાંધીનગર, તા.૧૮

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, સેકટર-૨૦ ગાંધીનગર ખાતે 'તપોવન પરિવાર સંમેલન'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૬૦ દંપતિઓ અને પરિવારજનો હાજર રહ્યા હતા.

કાર્યક્રમમાં ઉપસ્થિત નગરજનોને તપોવન પ્રકલ્પના પ્રાંત સંયોજક તર્પણાબહેન વ્યાસે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કાર્યક્ષેત્રથી અવગત કરાવી 'તપોવન પ્રકલ્પ' વિશે વિગતવાર સમજૂતી આપી હતી. 'તપોવન સંશોધન કેન્દ્ર'માં આવીને વિવિધ પ્રવૃત્તિઓનો લાભ પ્રાપ્ત કર્યો હોય એવા માતા પ્રો. ખ્યાતિબહેને તથા પિતા, સુજીતભાઈ પારેખે એમના અનુભવમાં તપોવનની પ્રવૃત્તિઓની પોતાના બાળક પર થયેલી હકારાત્મક અસર વિશે જણાવ્યું હતું. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સંશોધન મદદનીશ તોરલબહેન પંચાલે 'ઘરમાં સંસ્કારક્ષમ વાતાવરણનું નિર્માણ' વિષય પર વિવિધ ઉદાહરણો દ્વારા સમજૂતી આપી હતી. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના તપોવન પ્રકલ્પ સંયોજક હિરલબહેન



પંડયાએ ૦-૩ વર્ષના બાળકો માટે 'રમકડાં' વિશે નિદર્શન દ્વારા રમકડાંની પસંદગી, મહત્વ, રમકડાં દ્વારા થતા વિકાસ અંગે અસરકારક રજૂઆત કરી હતી.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ડાયરેકટર જનરલ દિવ્યાંશુભાઈ દવેએ '૦-૩ વર્ષના બાળકના ઉછેરમાં પરિવારની ભૂમિકા' વિષય પર સમજાવતા જણાવ્યું કે બાળક અંતઃપ્રેરણાથી શીખે છે, બાળક જેટલું પરિવારના સાંન્નિધ્યમાં રહેશે એટલા ભાવનાત્મક મૂળિયા મજબૂત બનશે. બાળકનું નામ, બાળકની માલિશ, ખોરાક, ઘોડિયાનું મહત્વ તથા મુંડન સંસ્કાર જેવા મહત્વના વિષયો પર છણાવટ કરી હતી.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કે.એસ. લિખિયાએ તેમના વકતવ્યમાં માતા પિતાના વિચારોનું મહત્વ અને તેની અસરકારકતા ઉદાહરણ દ્વારા સમજાવી હતી. તંદુરસ્ત બાળક માટે ગર્ભાવસ્થાના નવ માસ અને જન્મ પછીના પાંચ વર્ષ ખૂબ મહત્વના છે એમ જણાવી પરિવારની ભૂમિકા વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર કમલા મણિબહેન રાવ, સ્ટાફ મિત્રો તથા ગાંધીનગરના સુજ્ઞજનો હાજર રહ્યાં હતાં.

## રદ કરવા બાબત

**જાહેર નિવિદા નં. ૦૧ 'ડી ટેન્ડર' સને ૨૦૧૬-૨૦૧૬**

નિયામકશ્રી ઉપવન અને બગીચા તંત્ર, ગુજરાત રાજ્ય (માર્ગ અને મકાન વિભાગ) નિર્માણ ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦ ફોન નં. ૨૩૨૫૪૭૯૭ દ્વારા જાહેર નિવિદા નં.૦૧ સને ૨૦૧૬-૨૦૧૭થી પ્રસિદ્ધ થયેલ છે. જેમાં આકસ્મિક સંજોગોવસાત સદરહુ નિવિદા રદ કરવામાં આવે છે. જેની સંબંધકર્તાઓએ જરૂરી નોંધ લેવા વિનંતી છે.

માહિતી/૯૯૭/૨૦૧૬-૧૭